॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૭** **WRITER YES / NO**

| STUDENT NAME | | ROLL NO. | |
|---|---|---|---|
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(30)

**પ્ર.૧ સામાયિક –પ્રતિક્રમણના આધારે**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. દેવાણં **આસાયણાએ દેવીણં આસાયણાએ ઈહલોગસ્સ આસાયણાએ પરલોગસ્સ આસાયણાએ** કેવલી

૨. સંભરામિ **જં ચ ન સંભરામિ જં પડિક્કમામિ જં ચ ન પડિક્કમામિ તસ્સ સવ્વસ્સ** દેવસિયસ્સ

૩. તમેવ **સચ્ચં તમેવ સચ્ચં કરેમિ મંગલં મહામંગલં** થવથુઈ

૪. કક્ષાલિક **ગોવાલિક ભોમાલિક થાપણમોસો મોટકી કુડી** સાખ

૫. જાવયાણં **તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં** મુત્તાણં

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૫)**

૧. સમણધમ્મે **સાધુધર્મમાં** ૨. અસરણાણુપ્પેહા **અશરપણાનો વિચાર ચિંતવવો**

૩. સાવિયાણં **શ્રાવિકાઓની** ૪. આરાહણાએ **આરાધનામાં**

૫. મુત્તિ મગ્ગં **આઠ કર્મોથી મુક્તિનો માર્ગ છે.**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૫)**

૧. શુદ્ધ અંતઃકરણથી **મણસા** ૨. સમ્યગ્વાદને અંગીકાર કરું છું **કિરિયં ઉવસંપજ્જામિ**

૩. શ્રદ્ધાની રુચિ **નિસ્સગ્ગ રુઈ** ૪. ગણધરની આશાતનાથી **સુયદેવયાએ આસાયણાએ**

૫. હિંસા થાય તેવા શસ્ત્રો આપવાથી **હિંસપ્પયાણં**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. બ્રહ્મચર્ય ગુપ્તિ એટલે શું? કેટલી છે? ત્રીજી ગુપ્તિ લખો.

**આત્મામાં રમણતા તે બ્રહ્મચર્ય. તેની રક્ષા માટે આવશ્યક તે વાડ. તે નવ છે. ૩) સ્ત્રીએ પુરુષના આસને બેસવું નહિ તેમ જ સ્ત્રીએ પુરુષ સાથે સહવાસ કરવો નહિ. કોળાની ગંધે ઘઉંની કણકનો વક જાય તે.**

૨. પાંચમા શ્રમણ સૂત્રમાં શેનો ત્યાગ કરવાનો છે? **અસંયમ, અબ્રહ્મ, અકલ્પનીય, અજ્ઞાન, અક્રિયા, મિથ્યાત્વ, અબોધ, ઉન્માર્ગ.**

૩. ઊર્ધ્વલોકમાં શું શું છે? તેનું વર્ણન કરો.

**૧૨ દેવલોક , ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન છે. તે સર્વમાં મળીને કુલ ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે. તે ઉપર લોકાગ્રે સિદ્ધ ક્ષેત્ર છે. ત્યાં સિદ્ધ ભગવાન નિરંજન નિરાકાર બિરાજી રહ્યા છે.**

૪. ૩૩ બોલમાંથી પાંચમા બોલ અને છટ્ઠા બોલમાં હેય, જ્ઞેય અને ઉપાદેય કયા?

**જ્ઞેય : છ જીવનિકાય, ઉપાદેય : પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ શુભ લેશ્યા, હેય : પાંચ ક્રિયા, પાંચ કામગુણ, છ અશુભ લેશ્યા.**

૫. કર્મભૂમિ કેટલી છે? કઈ કઈ? અઢીદ્વીપમાં કયા ક્ષેત્ર અને કયા સમુદ્રો આવે છે?

**કર્મભૂમિ ૧૫ છે. ૫ ભરત, ૫ ઈરવત, ૫ મહાવિદેહ. અઢીદ્વીપમાં જંબૂદ્વીપ, ધાતકીખંડ, અર્ધપુષ્કર દ્વીપ અને બે સમુદ્ર લવણ સમુદ્ર અને કાળોદધિ સમુદ્ર આવે છે.**

**(૫૦)**

**પ્ર.૨ તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(અ) ગતાગતિના આધારે (૨૮)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૮)**

૧. ૯ ઉત્તમ પદવીમાંથી માત્ર નરક અને દેવમાંથી કોણ આવે? **ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, તીર્થંકર**

૨. ૬૪ જાતિના દેવમાં કોનો સમાવેશ થાય? **૨૫ ભવનપતિ, ૨૬ વાણવ્યંતર, ૧૦ જ્યોતિષી, પ્રથમ બે દેવલોક, પહેલું કિલ્વિષી.**

૩. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય કેટલી નરક અને કેટલા દેવલોકમાં જઈ શકે? **૭ નરક અને ૮ મા દેવલોક સુધી.**

૪. જેની આગત ૨૭૬ બોલની હોય તેવા બોલ લખો. **શ્રાવક, માંડલિક રાજા, ૧૫ કર્મભૂમિના મનુષ્ય.**

૫. વાસુદેવ અને ચક્રવર્તી નિયમા ક્યાં જાય? **વાસુદેવ નિયમા નરકમાં, ચક્રવર્તી પદવીમાં મરે તો નિયમા નરકમાં જાય.**

૬. સાધુ અને સમકિતી કેટલી નરકના નીકળેલા થઈ શકે? **૧ થી ૫ નરકના નીકળેલા જીવ સાધુ અને ૧ થી ૭ નરકના નીકળેલા જીવ સમકિતી થઈ શકે છે.**

૭. સાતમી નરકમાં સમકિત લઈને કેમ જવાતું નથી? **સાતમી નરકનો અપર્યા. એકાંત મિથ્યાત્વી હોવાથી.**

૮. રત્નની આગત અને ગતના માત્ર આંકડા લખો. **આગત ૨૪૩ ગત ૧૭૯**

**(૨) નીચેના બોલની ગતાગત લખો.** **(૧૫)**

૧. લવણ સમુદ્રની મનુષ્યાણી : **આગતિ ૨૫ – ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા, ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા એ ૨૫ ની.**

**ગતિ ૧૦૨ – ૨૫ ભવનપતિ, ૨૬ વાણવ્યંતર એ ૫૧ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૦૨ ની.**

૨. વીતત પંખી : **આગતિ ૨૬૭ ભેદની ૭ નરકના પર્યાપ્તા, ૧૭૯ ની લટ (૪૮ ભેદ તિર્યંચના, ૧૦૧ સંમૂર્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા), ૮૧ દેવના પર્યા. (૯ મા દેવલોક થી ૫ અનુત્તર વિમાન એ ૧૮ ભેદના પર્યાપ્તા વર્જીને).**

**ગતિ ૫૧૯ ભેદની તે જીવના ૫૬૩ ભેદમાંથી ૪ થી ૭ નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૮ તથા ૧૮ જાતિ ના દેવના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૩૬ કુલ ૪૪ ભેદ વર્જીને.**

૩. તીર્થંકર : **આગત ૩૮ ભેદની ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન અને ૧ થી ૩ નરક એ ૩૮ ના પર્યાપ્તા. ગત મોક્ષની.**

૪. વંશા : **આગતિ ૨૦ ભેદની ૫સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યા., ૧૫ કર્મભૂમિના મનુષ્યના પર્યાપ્તાની.**

**ગતિ ૪૦ ભેદની ૧૫ કર્મભૂમિના મનુષ્યની, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૪૦ ભેદની.**

૫. સર્વાર્થસિદ્ધ વિમાન વર્તમાને : **આગતિ ૫ ભેદની ૫ મહાવિદેહના પર્યાપ્તા.**

**ગતિ ૧૦ ભેદની ૫ મહાવિદેહના અપર્યાપ્તા અને પર્યાપ્તા.**

**(૩) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૫)**

૧. સાતમી નરકે માછલી જઈ શકે. **ખોટું. સાતમી નરકે માછલી ન જઈ શકે.**

૨. તોષિયામાં આગત કરતા ગત અડધી છે. **ખોટું. તોષિયામાં આગત કરતા ગત બમણી છે.**

૩. વનસ્પતિના મૂળમાં ચંદ્રના દેવ ઉપજે. **ખોટું. વનસ્પતિના મૂળમાં ચંદ્રના દેવ ન ઉપજે અથવા વનસ્પતિના પ્રવાલ, પત્ર, ફૂલ, ફળ કે બીજમાં ઉપજે.**

૪. મહાપદ્મ તીર્થંકરની આગત ૩૮ ભેદની છે. **ખોટું. મહાપદ્મ તીર્થંકરની આગત એક ભેદની છે.**

૫. માંડલિક રાજા મરીને સુજાએમાં જાય છે. **ખોટું. માંડલિક રાજા મરીને સુજાએમાં જાય નહિ.**

**(આ) ૬૩ શ્લાઘનીય મહાપુરુષોના આધારે નીચેના પ્રશ્નોના બે શબ્દમાં જવાબ લખો. (૭)**

૧. પદવીમાં ભવમાં નિયમા સમકિત કોને હોય? **તીર્થંકર, બળદેવ.**

૨. ભાવથી શ્રાવકપણું કોને ન સ્પર્શે? **વાસુદેવ, પ્રતિવાસુદેવ.**

૩. ૬૩ શલાકા પુરુષો અવસર્પિણી કાળના ત્રીજા આરામાં કયા ક્ષેત્રમાં ઉત્પન્ન થાય? **ભરત, ઈરવત.**

૪. તીર્થંકરો કઈ બાબતમાં સરખા હોય છે? **કેવળજ્ઞાન, કેવળદર્શન.**

૫. નરકમાં કોણ જાય છે? **ચક્રવર્તી, વાસુદેવ, ચક્રવર્તીનું સ્ત્રી રત્ન**

૬. ૧૪ સ્વપ્ન કોની માતા જુએ છે? **તીર્થંકર, ચક્રવર્તી**

૭. બળદેવનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું? **જ. આયુષ્ય ૧૨૦૦ વર્ષ અને ઉ. આયુષ્ય ૮૫ લાખ પૂર્વ.**

**(ઇ) વ્યવહાર સમકિતના ૬૭ બોલના આધારે લખો. (૧૦)**

**(૧) વ્યાખ્યા લખો. (૫)**

૧. કુદંસણ વજ્જણા : **પરતીર્થિનો અધિક પરિચય ન કરે. અધર્મી પાખંડીઓની પ્રશંસા ન કરે.**

૨. વૈયાવચ્ચી : **જૈનશાસનમાં ચતુર્વિધ સંઘની સેવા, વૈયાવચ્ચ કરે.**

૩. સ્થિરીકરણ : **ધર્મમાં વિમુખ થતા જીવોને ધર્મમાં સ્થિર કરવા.**

૪. કંખા : **અન્ય મતોના આડંબર દેખી તેની ઈચ્છા કરે.**

૫. સૂત્ર રુચિ : **જે જીવ આચારાંગ આદિ આગમ શાસ્ત્રો વાંચીને સમકિતને પ્રાપ્ત કરે છે, તે સૂત્ર રુચિ.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૫)**

૧. ...... ના કારણરૂપ ...... નો નાશ કરે છે. **ભવભ્રમણ, મિથ્યાત્વ**

૨. ધર્મ રુચિમાં ...... અને ...... ધર્મની શ્રદ્ધા કરે છે. **શ્રુત, ચારિત્ર**

૩. ......, ...... તપશ્ચર્યા કરી શાસનની પ્રભાવના કરે. **મહાન, વિકટ**

૪. ...... ની ઉત્પત્તિથી ...... ની ઉત્પત્તિ નથી. **શરીર, જીવ**

૫. તિજોરી એટલે ...... રત્ન માટે ...... તિજોરી. **ધર્મરૂપી, સમકિતરૂપી**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૫)**

૧. ગુણગ્રામ કોના કરવાના છે? **ગુણગ્રામ ગુણીજનોના પ્રગટ કરવાના છે.**

૨. આગારમાં શું કરવાનું હોય છે? **અપવાદ માર્ગે કાર્ય કરવાનું હોય છે.**

૩. આ ભવમાં કઈ સામગ્રી મળી છે? **આ ભવમાં મનુષ્ય ભવ, ઉત્તમ કુળ આદિ સારી સામગ્રી મળી છે.**

૪. લિંગ અને શુદ્ધતા કયા સૂત્રમાંથી લેવામાં આવ્યા છે? **લિંગ ઉવવાઈ સૂત્ર, શુદ્ધતા ઉપાશક દશાંગ સૂત્ર.**

૫. નવમો અને દશમો વિનય કયો છે? **૯) સ્વધર્મીનો વિનય કરે. ૧૦) સંભોગીનો વિનય કરે.**

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૬)**

૧. નંદ મણિયાર પછી કયા ભવ થયા? **દેડકો, વર્તમાને દેવલોકમાં દર્દુર દેવ.**

૨. અર્જુન કોણ હતો? કોનો ભક્ત હતો? **અર્જુન માળી હતો. તે મુદ્‌ગરપાણિ યક્ષનો ભક્ત હતો.**

૩. થાવચ્ચા પુત્ર સાથે કેટલા જણાએ દીક્ષા લીધી? **જેને થાવચ્ચા પુત્ર પ્રત્યે સ્નેહભાવ હતો એવા ૧૦૦૦ પુરુષોએ થાવચ્ચા પુત્ર સાથે દીક્ષા લીધી.**

૪. સત્યદર્શન થયા પછી શુક પરિવ્રાજકે શું કર્યું? **પોતાની હાર સ્વીકારીને પોતાના ૧૦૦૦ શિષ્યો સાથે થાવચ્ચા મુનિ પાસે દીક્ષા લીધી.**

૫. અર્જુનમુનિએ દીક્ષા પછી શું રાખ્યું? **આવેલ પરિષહ સમભાવથી સહન કર્યો. તેમજ ક્ષમા અને સમતા રાખી.**

૬. નંદ મણિયારે શું શું બંધાવ્યું? **પુષ્કરિણી વાવ, ચિત્રશાળા, ભોજનશાળા, ઔષધાલય, અલંકાર સભા બનાવડાવી.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. ધન્ય છે નંદ મણિયારને. **લોકો ખુશ થઈને એકબીજાને કહે છે.**

૨. વિપુલ ભોગોને ભોગવ. **કૃષ્ણ વાસુદેવ થાવચ્ચા પુત્રને કહે છે.**

૩. તમે ધર્મનું મૂળ શું માનો છો? **સુદર્શન થાવચ્ચા મુનિને કહે છે.**

૪. હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું. **અર્જુનમાળી મહાવીર સ્વામીને કહે છે.**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. મન્યે **વરં હરિ હરાદય એવ દષ્ટા, દષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।**

**કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ, કશ્ચિન્મનો હરતિ નાથ!** ભવાન્તરેપિ॥

૨. દષ્ટવા **ભવન્તમનિમેષ વિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।**

**પીત્વા પયઃ શશિકર દ્યુતિદુગ્ધ સિન્ધોઃ, ક્ષારં જલં જલનિધેરસિંતુ ક** ઈચ્છેત્ ॥

૩. તુભ્યં **નમસ્ત્રિભુવનાર્તિ હરાય નાથ ! તુભ્યં નમઃ ક્ષિતિતલમલભૂષણાય !**

**તુભ્યં નમસ્ત્રિ જગતઃ પરમેશ્વરાય, તુભ્યં નમો જિન ભવોદધિ** શોષણાય ॥

૪. વક્ત્રં **ક્વ તે સુરનરોરગનેત્રહારિ, નિઃશેષ નિર્જિત જગત્ ત્રિતયોપમાનમ્ ।**

**બિમ્બં કલંક મલિનં ક્વ નિશા કરસ્ય?, યદ્વાસરે ભવતિ પાણ્ડુપલાશ** કલ્પમ્ ॥

૫. જ્ઞાનં **યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હતિહરાદિષુ નાયકેષુ ।**

**તેજઃ સ્ફુરન્મણિષુયાતિ યથા મહત્ત્વં, નૈવં તુ કાચ શકલે કિરણા** કુલેઽપિ ॥

**જય – જિનેન્દ્ર**

- **PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- **NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY**
- **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914**
- **FOR BOOKS AND EXAM REGISTRATION**